# પપ્પા કેવા હોવા જોઈએ?
# ગ્રસ્ત, વ્યસ્ત કે મસ્ત...?



જીવન સરગમ
બિન્દુબેન કચરા

દીકરી ઉંમરલાયક થઈ એટલે તેના અંગે ઘરમાં વાતચીત થવા લાગી. દીકરી સ્વરા આ બધું સાંભળતી હતી-વિચારતી હતી. એક દિવસ સ્વરાએ પોતાના પિતાને એ અંગે વાત કરતાં કહ્યું-

‘‘પપ્પા! રૂપ કે રૂપિયામાં કંઈક કચાશ હશે તો તેવી વ્યક્તિ સાથે મને જરા પણ વાંધો નહીં આવે પણ તેનો સ્વભાવ તો પપ્પા! બિલકુલ તમારા જેવો જ હોય તે ખાસ જોજો. તમારી પાસે વ્યક્તિને બરાબર સમજવાની સૂઝ પણ છે અને વ્યક્તિને સુધારવાની શિસ્ત પણ છે, તમે સગવડ અને સંસ્કાર બંને આપી શક્યા છો, અમને મોજ-મસ્તી પણ કરાવ્યા છે. મર્યાદાના પાઠ પણ શીખવ્યા છે, બહુ ઓછાને મળે તેવા પપ્પા મને મળ્યા છે, માટે સ્વભાવમાં તમારી સાથે સામ્ય ધરાવતું પાત્ર જ મારા માટે પસંદ કરશો.’’

પિતા માટે સંતાન પાસેથી આનાથી વધુ ઊંચો અભિપ્રાય કયો હોઈ શકે? પિતૃત્વ એક એવી હૂંફાળી છત્રી છે, જેની નીચે રહેલાં સંતાનને રક્ષણ અને પોષણ બંને મળી રહે. દરેક સંતાનના પિતા હોય છે પણ દરેક પિતાનું પિતૃત્વ સરખું નથી હોતું, નાળિયેરી પર મીઠાં ફળ થાય છે પણ એ છાયા આપવામાં અસમર્થ છે. વડલા નીચે હૂંફાળી છાયા મળે પણ ત્યાં મીઠાં ફળ નથી, આંબાના વૃક્ષ પાસે છાયો યે મળે છે અને મીઠાં ફળ-કેરી પણ ખાવા મળે છે. પિતૃત્વના નિખારને આ રીતે નજરમાં રાખીને પપ્પાઓનું વર્ગીકરણ ત્રણ કક્ષામાં થઈ શકે. ગ્રસ્ત પપ્પા, વ્યસ્ત પપ્પા અને મસ્ત પપ્પા.

ગ્રસ્ત પપ્પા એટલે કામના બોજ નીચે કે તનાવ હેઠળ જેમના જીવનનો સમય અને સંવેદનાઓ સાવ નામશેષ થઈ ગયાં હોય.

**ઘરની ઓળખ અને પરિવારનું અસ્તિત્વ પિતાના સહયોગ વગર શક્ય નથી. પિતા વગરનું ઘર સૂનું લાગશે અને ઘરમાં બધું હોવા છતાં બધાં પોતાને અનાથ-અસલામત-અનુભવશે તે ચોક્કસ. તો મિત્રો, જે પિતાએ આંગળી ઝાલીને રાહ ચીંધ્યા, ખભે બેસાડી દુનિયા જોતાં શીખવી એ પિતાથી બહેતર માર્ગદર્શક કોણ ?**

મિતુલના પપ્પા આવા ગ્રસ્ત પપ્પા. ચપટી વગાડીને લાખ રૂપિયા કમાઈ શકે પણ મિતુલને એક કલાક આપવો હોય તો તેમણે રીતસરનો પરસેવો પાડવો પડે, સંતાન સાથે મહિને નિરાંતે વાત કરવાની પણ જેમને ફુરસદ ન હોય, મિતુલના અભ્યાસ, સ્વાસ્થ્ય, સ્વભાવ, તેની ખામીઓ, ખૂબીઓથી અજાણ કોઈ પૂછે તમારો બાબો ક્યા સ્ટાન્ડર્ડમાં ભણે ત્યારે આવા પપ્પાઓને જવાબ આપતાં પહેલાં સંતાનની મમ્મીને કન્સલ્ટ કરવા પડે છે. પોતાના સંતાનને હૂંફાળું હેત આપી શકે તેવું તેમની પાસે હૃદય હોતું નથી, જે છે, છતાં નથી જેવા છે, રાહુથી ગ્રસ્ત ચંદ્ર જેવા ગ્રસ્ત પપ્પા. આવા પપ્પા પાસે પોતાના સંતાનના ઘડતર માટેની માહિતી કે મહેનતની કોઈ ઉમીદ નથી.

સમકિતના પપ્પા વિનોદભાઈ એવા વ્યસ્ત પપ્પા છે, જે પોતાના વ્યાવસાયિક જીવનમાંથી સંતાન માટે ખાસ સમય ફાળવવા માંગે તો પણ ફાળવી શકતા નથી. સંતાનની ખરી જરૂરિયાત સમજવા છતાં હંમેશાં સમયની ખેંચ હોવાને કારણે તેને બીજી પૂરક સામગ્રીઓથી પૂરી કરી દે છે, સંતાનના ઉછેર માટે આયા, માણસ, ગાડી, ડ્રાઈવર, ટીચરથી લઈને મનોરંજન સામગ્રીઓનો ખડકલો ખડકી દઈને સંતાનનો ઉછેર કર્યાનો મિથ્યા અહેસાસ કરી લેતા હોય છે. વ્યસ્તતાની સાંકળ વિનોદભાઈને સખત બાંધેલી રાખે છે. વિનોદભાઈ ઘેર આવીને પણ પોતાના કમ્પ્યુટર, કેલક્યુલેશન, ફોન અને ધંધાકીય સાહિત્યમાંથી બહાર આવી શકતા નથી. તેમને મનમાં એમ જ છે, પૈસાથી બધું ખરીદીને બાળકને ખૂબ આપી દીધું છે એટલે રમ્યા કરશે પણ નાનકડો સમકિત ઈલેક્ટ્રોનિક્સ ગેમ્સ રમતા કોઈ આખી ગાડીને ઉડાડીને ચીસ પાડી આનંદ વ્યક્ત કરતો બોલશે- ‘સી ડેડ,! હી ઈઝ ગોન! આઈ કિલ્ડ હીમ. ’



પપ્પા મોઢામાંથી ‘હાઉ સ્માર્ટ’ના શબ્દો સાથે પીઠ થાબડશે-પણ ત્યારે તેઓને ખ્યાલ નથી કે આ સ્માર્ટનેસ ભવિષ્યમાં કેવી ઘાતક બની શકે? અઢી વર્ષનો રોમિત હાથમાં રિમોટ લઈને ધડાધડ ચેનલો ફેરવવા લાગે છે અને પોતાને જે કાર્ટૂન-નેટવર્ક જોવું હોય તે લાવીને જ જંપે છે, ત્યારે તેનાં મા-બાપ દીકરાની આ કાબેલિયતનો ગર્વ લેતાં હોય છે. અહીં મા-બાપે સમજાવીને રોકવાનું છે પણ એ ભારે તો ત્યારે પડે છે જ્યારે એકાદ દાયકા બાદ મોડી રાતે બધાં સૂઈ ગયાં પછી પણ રોમિત હાથમાં રિમોટ લઈને સૂતાં સૂતાં ચેનલ ફેરવતો હોય. મા-બાપની વ્યસ્તતા દીકરા-દીકરીના ઘડતરમાં બાધક નીવડે છે. સંતાનના સંસ્કારિક ઘડતર માટે, તેની માવજત માટે સમય અને સહકાર ખાસ આવશ્યક છે, પપ્પાએ એ સમજવાનું છે.

સૌથી શ્રેષ્ઠ મસ્ત પપ્પા હોવું જરૂરી છે. વસ્તુની પોષકતા તેનાં ઘટક તત્ત્વોને આભારી છે. મસ્ત પપ્પા પાસે ત્રણ વસ્તુ હોવી જરૂરી છે, સમય-સ્નેહ-શિસ્ત. સંતાન માટે સમય કાઢવો એ પિતાનું કર્તવ્ય છે, આ સમય જ પિતા અને સંતાન વચ્ચે, માતા અને સંતાન વચ્ચે, આત્મીયતાનો હેતુ બને છે. બાળકની પ્રતિભા ત્યારે પાંગરે છે જ્યારે તેને મા-બાપનો પ્રેમ મળે છે. પિતાનું સ્થાન આપણા જીવનમાં માતા જેટલું જ મહત્ત્વનું છે. તે કેમ ભૂલી જવાય? માતા સ્તનપાન કરાવે છે તો પિતા હૃદયપાન કરાવે છે, માતા ખોળામાં બેસાડે છે તો પિતા ખભે ઊંચકી દુનિયા બતાવે છે. માતા બાળકને નવ માસ સુધી ગર્ભમાં ઉછેરે છે, તો પિતા એને વીસ-ત્રીસ વરસ સુધી બાહ્ય જગતમાં ઉછેરે છે. સંતાનને પગભર કરવા દિવસ-રાત એક કરતાં હોય છે. દરેક પિતા એમ ઈચ્છતા હોય છે, મારાં બાળકો આત્મનિર્ભર બને, આત્મવિશ્વાસુ બને અને જીવનમાં ખૂબ ખૂબ પ્રગતિ કરી નામ રોશન કરે. પિતાનું નામ પુત્રના નામ પાછળ રહે છે, પુત્ર એ પિતાની ઓળખ છે, એ ઓળખ ગૌરવવંતી બની રહે તેવી પિતાની એક અભિલાષા હોય છે-તે સંતાનનાં દરેક કાર્ય પર તેની રીતભાત ઉપર, શિક્ષણ પર નિરીક્ષણ કરતાં રહી શિસ્તના પાઠ ભણાવે છે. એ અંતે પરિવારના મોભી છે, એક એવી વ્યક્તિ છે જેણે પરિવારની આર્થિક જવાબદારી પૂરી નિષ્ઠા અને ક્યારેક અંગત ઈચ્છાઓને બાજુએ મૂકીને ઉઠાવી છે. ઘરમાં ચાર એ.સી. લગાડનાર પિતા પૂરી છ કલાકની ઊંઘ પણ ન લેતા હોય, સંતાનોના ભવિષ્ય માટે પોતાનો વર્તમાન ખર્ચી નાખનાર એ પિતા કદાચ આકરા સ્વભાવના હોય, કડક હોય, થોડા જુનવાણી હોય તો પણ, અંતે તો એને પોતાના સંતાનનાં ઉજ્જવળ અને સલામત ભવિષ્ય સિવાય બીજી કોઈ ઈચ્છા નથી. આ રીતે સમય-સ્નેહ અને શિસ્તના ટાંકણે સંસ્કારિતાનું મનોહર શિલ્પ ઘડનારા છે મસ્ત પપ્પા....!

તો વાચકમિત્રો! જેમના પપ્પા ગ્રસ્ત, તેમનાં સંતાનો ત્રસ્ત...!

જેમના પપ્પા વ્યસ્ત, તેમનાં સંતાનો સુસ્ત!

જેમના પપ્પા મસ્ત, તેમનાં સંતાનો અલમસ્ત!

ઘરની ઓળખ અને પરિવારનું અસ્તિત્વ પિતાના સહયોગ વગર શક્ય નથી. પિતા વગરનું ઘર સૂનું લાગશે અને ઘરમાં બધું હોવા છતાં બધાં પોતાને અનાથ-અસલામત-અનુભવશે તે ચોક્કસ. તો મિત્રો, જે પિતાએ આંગળી ઝાલીને રાહ ચીંધ્યા, ખભે બેસાડી દુનિયા જોતાં શીખવી એ પિતાથી બહેતર માર્ગદર્શક કોણ ? તે પિતાને સાચા અર્થમાં આદર આપો-પિતાજીને વહાલ કરવા માટે ‘ફાધર્સ ડે’નો ઈન્તજાર કરવો જરૂરી નથી સન્માન આપો- અવગણના ના કરશો, તેમને પ્રેમ આપો-એમનું ઘડપણ રળિયાત બનાવો-એમને અહેસાસ થવા દો! My dear father-પાપા Love you so much. સૌને ‘ફાધર્સ ડે’ની ખૂબ ખૂબ શુભેચ્છા-સાથે ‘યોગદિન’ની પણ શુભેચ્છા. યાદ રાખો! ‘યોગા બનાવે જીવનને મસ્ત.’

### સુવર્ણરજ

પહાડ જેવા પિતાજી ને ઝરણાં જેવી માતા,
એક બતાવે ટોચ ને એક આપે છે શાતા..!